## વડીલોને વંદન
## અભિનંદન



કનુભાઈ રણછોડદાસ પટેલ
(૧૯૪૩)

# નિરમા ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ તથા સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરી

### વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે અન્ય પ્રવૃત્તિઓમાં પણ તેજસ્વી બને તે આ પ્રસંગોનો મૂળભૂત હેતુ

ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદ ખાતે આવેલ નિરમા યુનિવર્સિટીના નિરમા ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી સ્ટુડન્ટસ એસઓસીએશન (નિપ્સા)ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં બે યાદગાર પ્રસંગો યોજી પર્યાવરમ તથા દેશપ્રેમને ઉજાગર કર્યો હતો. વૃક્ષારોપણ તથા સ્વાતંત્ર્યદિનની ઉજવણી દરમ્યાન અનેક વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને અભ્યાસ સાથે પ્રદર્શિત કરી હતી. નિપ્સાના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પડાયું હતું.

આ અંગે વિગતવાર માહિતી આપતા વિદ્યાર્થી કેવલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે નિરમા ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી સ્ટુડન્ટસ એસોસીએશન દ્વારા બે ઈવેન્ટ યોજી હતી. જેમાં પ્રથમ ઈવેન્ટ પ્લાન્ટેશન ડ્રાઈવ એટલે કે વૃક્ષારોપણ રેલીનું સુંદર આયોજન થલતેજ નજીક શાંતિનાથ મહાદેવ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુથ ક્લબના ચીફ અંજના નિમાવત મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. મોટી સંખ્યામાં નિરમા તથા સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ પચાસથી વધુ વિવિધ ઉપયોગી વૃક્ષોનું રોપાણ કરાયું હતું. મંદિરના પૂજારીએ પણ આ પ્રવૃત્તિમાં ભાગ લઈ પ્રથમ વૃક્ષના રોપાને તેમના હસ્તે રોપાવામાં આવ્યો હતો. આ ઉપરાંત નિરમા ઈન્સ્ટીટ્યુટના હર્બલ બગીચામાં પણ ચીકુ, દાડમ અન્ય ફળોનું વૃક્ષારોપણ ડાયરેક્ટર મંજુનાથ ઘાટે તથા ડિપાર્ટમેન્ટ ઓફ કેગનો સીની ફેકલ્ટી દ્વારા કરાયું હતું.

જ્યારે બીજી ઈવેન્ટ ૧૩મી ઓગસ્ટના રોજ સ્વાતંત્ર્ય દિની ઉજવણી માટે નિપ્સા દ્વારા યોજાઈ હતી. જેમાં નિબંધ સ્પર્ધા, પોસ્ટર મેઈકીંગ નેઈલ આર્ટ સ્પર્ધા તથા અન્ય સ્પર્ધાઓ યોજી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને તેમને પ્રોત્સાહિત કરી સન્માનિત કરાયા હતા. વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે ઈતર પ્રવૃત્તિ કરી સમાજ અને દેશ માટે ઉપયોગી બને તેવો મૂળભૂત હેતુ ઈન્સ્ટીટ્યુટના સંચાલકો ધરાવે છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# લંડનની હોસ્પિટલને ૩૦,૦૦૦ પાઉન્ડના દાન સાથે સ્વામિનારાયણ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

### કિંગ્સબરીના માર્ગો પર ૫ કિ.મી. લાંબી નગરયાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા. ૨૫

તાજેતરમાં લંડનના કિંગ્સબરી વિસ્તારમાં નવનિર્મિત સ્વામિનારાયણ મંદિરમાં પુરૂષોત્તમ પ્રિયદાસજી આચાર્ય દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં આચાર્યના હસ્તે સેવાકીય આરોગ્ય કલ્યાણ માટે ૩૦,૦૦૦ પાઉન્ડનું દાન કેન્ટન-હેરો સેન્ટલ્યુક હોસ્પિટલને આપવામાં આવ્યું હતું. આ મહોત્સવ દરમ્યાન કિંગ્સબરીમાં ૫ કિ.મી. લાંબી નગરયાત્રા પણ કાઢવામાં આવી હતી.

સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં આરોગ્ય, શિક્ષણ અને જીવદયા જેવા અનેક ક્ષેત્રોમાં સેવાની સુવાસ લહેરાવી હતી. આચાર્ય પુરૂષોત્તમ પ્રિયદાસજીના હસ્તે ૩૦,૦૦૦ પાઉન્ડના દાનનો ચેક કેન્ટન-હેરો સેન્ટ લ્યુક હોસ્પિટલના પેટ્રન લોર્ડ ડૉલર પોપટે સ્વીકાર્યો હતો. આ મહોત્સવ દરમ્યાન નિકળેલ નગરયાત્રા ૫ કિ.મી. લાંબી હતી. જેમાં કાર્નિવલની જેમ જ પાઈપ બેન્ડ, આફ્રિકન મસાઈનૃત્ય કેન્યન ધ્વજ, ભારતીય પાદ્ય, યુરોપીયન વેશ તેમજ ૨૪ ગૃપોના નયન રમ્ય દશ્યો, જાપાની અને ઈટાલી મયુરપંખ, નાઈરોબી બોલ્ટન, લંડનના સ્કોટીશ પાઈપ બેન્ડ વગેરેએ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. સમગ્ર નગરયાત્રા દરમ્યાન સ્નાતક હિન્દુ સંસ્કૃતિનો જયઘોષ કરવામાં આવ્યો હતો.





## મહુન્દ્રા પાટીયા પાસે પીક-અપ ડાલાની ટક્કરે બાઈકસવારનું કરૂણ મોત

ચિલોડા, તા.૨૫

ચિલોડા હિંમતનગર માર્ગ પર આવેલ મહુન્દ્રા પાટીયા પાસે પીક અપ ડાલુ અને બાઈક વચ્ચે અકસ્માત થતા બાઈકચાલકને ઈજાઓ થતાં સારવાર દરમિયાન કરુણ મોત નિપજયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ચિલોડા હિંમતનગર માર્ગ પર મહુન્દ્રા ગામના પાટીયા પાસે આજે સવારે પીક-અપ ડાલુ જીપ નં. જીજે-૯-એબી ૨૬૪૧ના ચાલકે પોતાનું વાહન બેદરકારી પૂર્વક હંકારી એક બાઈક સવારને અડફેટે લેતા આલમપુર ગામના બાઈક સવાર ભીખુસિંહ શિવાજી સોલંકીને શરીરે ગંભીર ઈજાઓ થતા તુરંત સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં તેમનું કરુણ મોત થયું હતું. આ અકસ્માત અંગે ચિલોડા પોલીસ મથકના પી.એસ.આઈ. કે.બી. રાણાવત વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## નવા સચિવાલયમાં સત્યનારાયણની કથા યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

સોમવતી અમાસ અને પવિત્ર શ્રાવણ માસનો છેલ્લો સોમવાર હોવાથી નવા સચિવાલય બ્લોક નં. ૮ સુરક્ષા ખાતાની કચેરી ખાતે સુરક્ષા ખાતાના અધિકારીઓ અને જવાનો દ્વારા ભગવાન સત્યનારાયણની કથા આજે કરવામાં આવી હતી. કથામાં મોટી સંખ્યામાં સુરક્ષા શાખાના અધિકારીઓ, કર્મચારીઓ, જવાનો અને અન્ય શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# બેંક ઓફ બરોડા દ્વારા બેજીક ઈન્ટરનેટ બેંકીંગ વિષય પર વર્કશોપ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

બેંક ઓફ બરોડા ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ માટે બેજીક બેંકીંગ, ઈન્ટરનેટ અને બેજીક કોમ્પ્યુટર પર વર્કશોપ યોજવામાં આવ્યો હતો. શાળાના ૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આજનું યુવાધન પશ્ચિમી સંસ્કૃતિના આડે ચઢેલું છે. ત્યારે આ પેઢીને જાગૃત કરવા માટે બેંક ઓફ બરોડા ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન દ્વારા ઈન્ટરનેટ બેંકીંગ અને બેજીક કોમ્પ્યુટર વિષય પર વર્કશોપ યોજવામાં આવ્યો હતો.





સેક્ટર-૧૬ મહાત્મા મંદિર વિદ્યાલયમાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં ધોરમ-૯ અને ૧૦ ના ૫૦ થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

આ પ્રસંગે મુખ્ય પ્રબંધક અને પ્રભારી આનંદ લખમાતીજીએ જણાવ્યું હતું કે બેંક પોતાની સામાજિક જવાબદારી સમજીને આજના બાળકો જે આવતીકાલનું ભવિષ્ય છે તેમના માટે જાગૃત છે.

બેંકના સિનિયર મેનેજર ગૌરી શંકરે ઈન્ટરનેટ પર પોતાનું વક્તવ્ય આપ્યુ હતું. આ પ્રસંગે આઈ.ટી. મેનેજર ફુલચંદનાગર, મનિષા ત્રિપાઠી ઉપસ્થિત રહી વિવિધ વિષય પર માહિતી આપી હતી. શાળાના આચાર્ય એ.પી. સોલંકી અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

## સે. ૨ પેન્શનર્સ સમાજનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૫

સેક્ટર-૨ પેન્શનર્સ સમાજની માસિક બેઠક અને પૌત્ર પૌત્રીઓનો સન્માન સમારોહ તા. ૨૭ ઓગસ્ટ, સાંજે ૫.૦૦ વાગે સરકારી દવાખાના સામેના મેદાનમાં યોજવામાં આવશે. સમારોહમાં પેન્શનર્સ સમાજના પૌત્ર-પૌત્રીઓ જેમણે વર્ષ ૧૩-૧૪માં ધોરણ-૧૦ અને ૧૨માં ૭૫ ટકાથી વધુ માર્કસ મેળવ્યા છે. તેમનું સન્માન કરવામાં આવશે. કાર્યક્રમમાં સેક્ટર-૨ પેન્શનર્સ સમાજના સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવું.

# જમીયતપુરા અને ખોરજ કેનાલમાંથી બે અજાણ્યા પુરૂષના મૃતદેહ મળ્યા

ગાંધીનગર, તા.૨૫

અડાલજ પોલીસ મથકની હદમાં આવતી જમીયતપુરા અને ખોરજ ગામની કેનાલમાંથી આજે બે અલગ અલગ અજાણ્યા પુરુષના પાણીમાં તરતા મૃતદેહ મળી આવ્યા હતા જે અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી તેમના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે.

ગાંધીનગર નજીક અડાલજ પોલીસ મથકની હદમાં આવતા જમીયતપુરા અને ખોરજ ગામમાંથી નર્મદાની કેનાલ પસાર થાય છે. આ બંને ગામની સીમમાંથી પસાર થતી કેનાલમાંથી આજે બે અજાણ્યા વ્યકિતના પાણીમાં તરતા મૃતદેહ મળી આવ્યા હતા. જમીયતપુરા કેનાલમાં તરતા અજાણ્યા મૃતદેહ અંગે દિપક બળવંતજી ઠાકોર અને ખોરજ કેનાલમાં તરતા અજાણ્યા મૃતદેહ અંગે ચતુરજી ઠાકોરે અડાલજ પોલીસને જાણ કરતા પોલીસે બંને મૃતદેહોને પાણીમાંથી બહાર કઢાવ્યા હતા. તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે. આ બંને કેસની તપાસ અમરતભાઈ અને ભીખાભાઈ ચલાવી રહ્યા છે.

## ગુજરાત જાહેર સેવા નાગરિકોનો અધિકારના નિયમો જાહેર કરવા માંગણી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે ગુજરાત જાહેર સેવા નાગરિકોનો અધિકાર-૨૦૧૩ વિધેયકને મંજુરી આપી દીધી હોવા છતાં ઘણા લાંબા સમયથી સામાન્ય વહીવટ વિભાગે નિયમો જાહેર કર્યા નથી તેનાથી નાગરિકોમાં અસંતોષની લાગણી પ્રવર્તે છે. દેશના સંખ્યાબંધ રાજયોમાં નાગરિકોને સમય મર્યાદામાં કામ મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. તેનો કાયદો અમલમાં છે. ગુજરાત આમાં કેમ પાછળ છે તો સત્વરે કાયદો અમલમાં આવે તેવી માંગણી શ્રી નિરંજન ઓઝા મહામંત્રી ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે કરેલ છે.



સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા સેક્ટર-૬ ખાતે બહેનો દ્વારા શ્રાવણીયા સોમવારે ભક્તિપૂર્ણ વાતાવરણમાં આરાધના કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

## શબ્દાવલી - ૫૪૮૬



### આડી ચાવી

૧. સ્વર્ગની અપ્સરા મેનકાએ આ ઋષિને તપોભગ કર્યું (૪)
૩. તડપ, અનુભવ (૩)
૬. દુર્ગંધ (૨)
૭. બરફનો મોટો પથ્થર (૪)
૮. વ્યવહાર, આપ-લે કરવી(૪)
૧૦. પરણ્યાની રાત (૫)
૧૧. એક ફિલ્મ અભિનેત્રી (૪)
૧૨. મુંગુ, અબોલ (૨)
૧૪. નડતર, નડ્યા કરનારું (૪)
૧૫. પૂનામાં જેનો આશ્રમ છે તે ખૂબ ચર્ચાસ્પદ ધર્મગુરૂ (૪)
૧૭. વરઘોડો (૨)
૧૮. સરદાર વલ્લભભાઇનું જન્મ સ્થળ (૫)

### ઊભી ચાવી

૧. ... માં કયારેય ના ઉતરવું, વાદ... (૩)
૨. નાક... લેવાનું કામ કરે છે(૨)
૩. 'કમનીય' શબ્દ ગોઠવો(૪)
૪. બાટલી, બોટલ (૨)
૫. બુંગણ જેવું જાડું કાપડ(૩)
૬. હિમેજ એક ઔષધ (૩)
૮. પત્ની મૃત્યુ પામી હોય તેવો પતિ (૩)
૯. સાબુ-પાવડર વગેરે બનાવતી એક પ્રખ્યાત કંપની (૩)
૧૦. ખુશ રહેવા માટે... પણ જરૂરી છે (૫)
૧૨. જમ્યા પછી... ખવાય (૪)
૧૩. ... કરવું, કાપી નાખવું(૪)
૧૫. છુટ્ટી, રવિવારનો દિવસ... હોય (૨)
૧૬. વહેમ-શંકા (૨)

### શબ્દાવલી ૫૪૮૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) આપવીતી (૨) જવ (૪) તાપમાન (૬) લાયકાત (૯) દમન (૧૦) અવકાશ (૧૨) નવરાશ (૧૫) તજ (૧૬) વાટ (૧૭) સકળ (૧૮) શૂરવીરતા (૧૯) દેહ

**ઊભી ચાવી :-** (૧) આહલાદક (૨) જમા (૩) વન (૫) પરવશ (૭) યમ (૮) કાનન (૧૦) અરાજકતા (૧૧) શકટ (૧૬) વતેસર (૧૪) કસૂર

# મહેસાણામાં બીજા રાઉન્ડનો વરસાદ થતા ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ

મહેસાણા, તા. ૨૫

પખવાડિયાના વિરામ બાદ મહેસાણા જિલ્લામાં બીજા રાઉન્ડનો વરસાદ થતાં ખેડૂતવર્ગમાં આનંદની લાગણી ફેલાઈ છે.

મહેસાણા જિલ્લાના ઊંઝા, વિસનગર, વડનગર, કડી, મહેસાણા વગેરે તાલુકાઓમાં સખ્ત ગરમી અને ઉકળાટ બાદ સાંજના સમયે અચાનક હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. જેથી ચોમાસુ ખરીફ વાવેતરોને ફાયદો થયો છે. લગભગ પખવાડિયા બાદ જિલ્લામાં મધા નક્ષત્રમાં વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ છે. મહેસાણા જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસુ વરસાદ વિલંબથી થતાં અનાજ કઠોળના પાકોનું વાવેતર ઓછુ થયું છે. જિલ્લામાં મુખ્યત્વે કપાસ, એરંડા, જુવાર (દાણા) ઘાસચારો શાકભાજીનું વાવેતર થયેલ છે. વરસાદને પગલે વાતાવરમણાં ઠંડક પ્રસરી ગઈ છે.

જિલ્લાના વડનગર, કડી, વિસનગર, ઊંઝા પંથકમાં અંદાજે અડધાથી બે ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ વડનગર તાલુકામાં પડેલ છે. આ વરસાદ ખેતી માટે ફાયદાકારક રહ્યો છે.



શ્રાવણ માસનાં છેલ્લા સોમવારે શહેર આખંય ભક્તિમય બની ગયું હતું. સે. ૬-બી ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે લઘુરૂદ્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

# આંધ્ર પ્રદેશના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર મનપાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાની કામગીરી નિહાળવા આજે આંધ્રપ્રદેશના ગુડીવાડા પ્રદેશના મેયર કૉનર, શ્રીધર સાદ્યી અધિકારીઓ મનપાના મહેમાન બન્યા હતા.

ગાંધીનગર મહાનગર પાલિકા કામગીરી કેવી રીતે કરે છે તે જોવા અને અમલમાં મુકવા માટે આજે આંધ્રપ્રદેશના ગુડીવાડા પ્રદેશના મેયર કૉનર, શ્રીધર, સીટી પ્લાનર ચક્રપાની અને કોર્પોરેટરો શૈક્ષણિક ટુર અર્થે ગાંધીનગર મહાનગર પાલિકા ખાતે આવી પહોંચ્યા હતા.

મનપાના કમિશનર જી.આર. ચૌધરીએ તેમનું સ્વગાત કરી મનપાની કામગીરીની માહિતી આપી હતી. સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન આશિષ દવેએ મનપા દ્વારા કેવી રીતે કાર્ય કરવામાં આવે છે અને આંધ્રપ્રદેશ પાલિકા કેવી રીતે કાર્ય કરે છે તેની આપ-લે કરી હતી તેમજ ડૉ. દિનેશ બારોટ અને ધનંજય રાણેએ સિટી ટાઉન પ્લાનીંગની મુલાકાત કરાવી હતી.

### બેઠક રદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉમેદવારો સાથે ફોર્મ ભરવા જનાર હોઈ આવતીકાલે મળનારી ભાજપ વિધાયક દળની બેઠક મુલત્વી રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના મુખ્યમંત્રી સહીત રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ પણ આવતીકાલે સાંજે જિલ્લાના પ્રવાસે જનાર હોઈ રાબેતા મુજબ દર બુધવારે મળતી રાજ્ય મંત્રીમંડળની બેઠક પણ મુલત્વી રાખીને કેબીનેટ બેઠક ૨૮મીએ ગુરૂવારના રોજ રાખવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

વિધાનસભાની નવ બેઠકો માટે ભાજપ દ્વારા આજે સાંજે ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. અને ૨૭મીને બુધવારના રોજ તમામ ઉમેદવારો શુભ મુહૂર્ત ૧૨.૩૯ ના સમયે એક સાથે ઉમેદવારી પત્રો ભરનાર હોવાનું જાણવા મળે છે.

### ડેટાબેઝ તૈયાર થશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આંક પણ તેના આધારે જાણી શકાય તેમ જણાવ્યું હતું. હાલ દરેક જિલ્લામાં ડેટા સેન્ટર બનાવવાનો આરંભ કરવામાં આવ્યો છે. જેમાં પાટનગરમાં ત્રીજા જિલ્લા ડેટા સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા આંકડા અધિકારી એન.જી. પટેલે ડેટા સેન્ટરની માહિતી આપતા જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજના ગુજરાત સ્ટેટ સ્ટ્રેટેજીક સ્ટેટેસ્ટિકલ પ્લાન અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય આશય આંકડાકીય તંત્રને અસરકારક બનાવવાનો છે. ડેટા સેન્ટર રાજ્ય, જિલ્લા અને તાલુકાકક્ષાએ કાર્યરત થશે. ગામવાર ઉપલબ્ધ સુવિધાઓને લગતી માહિતી તૈયાર કરી સતત અપગ્રેડ કરવામાં આવશે. જેમાં ૧ એપ્રિલ-૨૦૧૪ની સ્થિતિએ જિલ્લાના ૨૭૪ ગામોની માહિતી તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત સ્થાનિક સંસ્થાઓના હીસાબો, બિઝનેસ રજીસ્ટર, આંકડાકીય પ્રકાશનો જિલ્લા કક્ષાના આવકનો અંદાજ, વરસાદ, તાપમાન રોજગાર, ઉદ્યોગ, પશુધન કૃષિ, રસ્તા સહીતની બાબતોના આંકડા ઉપલબ્ધ થશે. ડેટા સેન્ટરના લોકાર્પણ પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગના સંયુક્ત સચિવ એ.ડી. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી વિક્ટર મેકવાન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન દેવાંગણ સહીત અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### અધિકારીઓની બદલી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

| | | |
|---|---|---|
| ડૉ. જયંતિ એસ.રવી | કમિશનર, ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર | કમિશનર, શ્રમ, ગાંધીનગર |
| આરતી કન્વર | રાજ્ય સરકારમાં પરત ફરતા | કમિશનર, કોમર્શીયલ ટેક્ષ, અમદાવાદ |
| ડૉ. એસ. મુરલીક્રીશ્નન | મીશન નિયામક, રાજ્ય ગ્રામ્ય આરોગ્ય મીશન, ગાંધીનગર | સી.ઈ.ઓ, જી.એસ.ડી.એમ.ઓ., ગાંધીનગર |
| શ્રીમતી વત્સલા વાસુદેવા | સચિવ, રાજ્યપાલશ્રીના | કમિશનર, કુટિર ઉદ્યોગ, ગાંધીનગર |
| એ.એમ. સોલંકી | કમિશનર, કુટીર ઉદ્યોગ, ગાંધીનગર | સચિવ, પશુપાલન વિભાગ |
| શ્રીમતી સોનલ મીશ્રા | કમિશનર, રોજગાર તાલીમ, ગાંધીનગર | સચિવ, પ્રવાસન દેવસ્થાન વિભાગ, ગાંધીનગર |

**અમદાવાદ જિલ્લા પંચાયત**
**સિંચાઈ વિભાગ**
**ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૫/૨૦૧૪-૧૫**

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ જિલ્લા પંચાયત, લાલ દરવાજા, અમદાવાદ - ૩૮૦૦૦૧ ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૬૮૬ એક્સટેન્શન નં. ૨૬૨ની કચેરી મારફતે ઓન લાઈન ઈ-ટેન્ડરથી માણસા તથા કલોલ તાલુકાના વિવિધ સિંચાઈ ટ્યુબવેલના મરામતના અને રીપેરીંગની કામગીરીના વાર્ષિક ભાવો મંગાવવા બાબતે જેમાં જુદી જુદી ક્ષમતાના સબમર્શીબલ મોટરપંપ / સ્ટાર્ટર પેનલની મરામત અને જાળવણીના ભાવો તેમજ જુદા જુદા કેબલના અને એમ.એસ. કોલમ પાઈપ વગેલે સાધન સામગ્રી સહ કામગીરી (જોબ) કરી આપવાના કામના વાર્ષિક કરારના ધોરણે ભાવો આઈટમ મુજબના માંગવામાં આવે છે. ટેન્ડર ફીનો ડી.ડી. / અને બાનાની રકમની એફ.ડી.આર. અથવા અમલાં હોય તેવું બાનામુક્તિ પ્રમાણપત્ર / રજીસ્ટ્રેશન / બેંક સોલવંશી વિગેરે સપોર્ટીંગ ડોક્યુમેન્ટ બીડ સબમીશન સાથે ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેન કરવાના રહેશે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી મળશે. તથા વેબસાઈટ http://www.nwr.nprocure.com પર ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન થઈ શકશે. તેમજ માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે.

| | |
|---|---|
| બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ તથા સબમીશનની છેલ્લી તારીખ / સમય | તા. ૩૦/૮/૨૦૧૪ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી / બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી પહોંચાડવાની તારીખ અને સ્થળ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, છઠ્ઠે માળ, લાલદરવાજા જિલ્લા પંચાયત, અમદાવાદ | તા. ૧૦/૯/૨૦૧૪ |
| પ્રાઈસ બીડ ઓપનીંગ | તા. ૧૫/૯/૨૦૧૪ ૧૨-૦૦ કલાકે (શક્ય હશે તો) |

ક્રમાંક/સંમાનિ/અમદ/૬૯૬/૨૦૧૪